R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD. YEAR - 18 •ISSUE: 29 DATE: 19-07-2014 •SATURDAY• PAGES: 4•PRICE Rs.1 •YERLY SUB: Rs. 60/-

## કેન્દ્ર સરકારના બજેટની અસરોથી ૪ દિવસોમાં ૫ લાખ કરોડનું ધોવાણ થયું

કેન્દ્રમાં તાજેતરમાં બહુમતીથી ચુંટાઇ આવેલ ભારતીય જનતા પાર્ટીની સરકાર,અને અબકી બાર મોદી સરકારના રેલ્વે અને સામાન્ય બજેટને શેરબજારે જાકારો આપ્યો છે.રેલ્વે બજેટને લઈને સામાન્ય બજેટ પછીના દિવસ સુધીના ચાર ટ્રેડીંગ સેશનમાં સેન્સેક્સમાં ૧૦૭૫ પોઈન્ટનું ગાબડું પ્ડુયં છે. આ ગાબડાને કારણે રોકાણકારોની મુડીમાં ચાર દિવસમાં જ રુપીયા પાંચ લાખ કરોડનું ધોવાણ થયું છે. જે રુપીયા ૯૨.૩૮ લાખ કરોડથી ઘટીને રુપીયા ૮૭.૨૪ લાખ કરોડનું થયું છે. આ ઘટાડો એટલો તીવ્ર રહ્યો કે ડિસેમ્બર ૨૦૧૧ પછીનું સૌથી ખરાબ સપ્તાહ પુરવાર થયું છે.એક જ સપ્તાહમાં બેન્ચમાર્કમાં ચાર ટકાથી વધુનો કડાકો બોલાયો છે. અચ્છે દિન આવવાના છે તેની શરુઆતમાં આ કડાકો ખુબજ ગંભીર છે.

## વિશ્વ ફુટબોલ જંગમાં આખરે જર્મની વલ્ડ ચેમ્પીયન બન્યું

રિયો ડી જાનેરો, બ્રાઝિલ ખાતે વિશ્વ ફુટબોલ ચેમ્પીયનશીપમાં આખરે જર્મની વિશ્વ ચેમ્પીયન બન્યું હતું.ફુટબોલ મહાકુભની ફાઈનલમાં આર્જેન્ટીના અને જર્મની વચ્ચેના દિલધડક મુકાબલામાં પ્રથમ હાફમાં બેઉ ટીમોએ આક્રમક રમત બતાવી હતી પરંતુ એક પણ ટીમ ગોલ કરી શકી નહોતી.બીજા હાફમાં બેઉ ટીમોએ ઉચ્ચ કક્ષાની રમત બતાવી હતી.બંને ટીમો બે દાયકા બાદ ફાઈનલ જીતવાના આરે પહોચી હોવાથી કોઈપણ તક ગુમાવવા માંગતી નહોતી.ફાઈનલ મેચ જોવા માટે આર્જેન્ટીનાના એક લાખ લોકો બ્રાઝિલ પહોચ્યા હતા.પોતાની ટીમને સપોર્ટ કરવા માટે મોટી સંખ્યામાં તેમના ટેકેદારો ત્યાં મોજુદ હતા. પરંતુ જર્મન ખેલાડીઓએ આખરી તબક્કામાં ગોલ નોધાવીનો ચેમ્પીયનશીપ પોતાને નામે કરી હતી.

## પાસપોર્ટનુ વેરીફીકેશન પોલીસ ઘેર જઇને કરશે જેથી લાબા પ્રોસીજરમાંથી લોકોને રાહત મળશે

પાસપોર્ટ માટે અરજી કરનારાઓને નવો પાસપોર્ટ ઝડપી અને સરળતાથી મળી રહે અને પોલીસ વેરીફીકેશનની અઘરી પ્રક્રિયાન હળવી કરવા રાજયમાં પાયલોટ પ્રોજેક્ટ અમલી થવા જઈ રહ્યો છે.હાલમાં પાસપોર્ટ માટે પોલીસ વેરીફીકેશનમાં મેન્યુઅલ પ્રોસિજરને કારણે જે લાંબો સમય લાગે છે તેના બદલે હાઈટેક સોફટવેરની મદદથી પોલીસ અરજદારના ઘરે લેપટોપ પર વેરિફીકેશન કરશે તેવો મહત્વનો નિર્ણય ગૃહ વિભાગે લીધો છે.આ પાયલોટ પ્રોજેકટનો પ્રથમ અમલ અમદાવાદ-ગાંધીનગરમાં થશે.જો સફળતા મળશે તો રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોમાં અમલી કરાવાશે.

હાલમાં નવા પાસપોર્ટ માટે પોલીસ વેરીફીકેશનની કામગીરી અટપટી છે.જેના કારણે અરજદારોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.નવા પાયલટ પ્રોજેકટ માટે કમિશ્નર કચેરી અને પોલીસ સ્ટેશન વચ્ચેનું સંકલન મેન્યુઅલી થા છે તે બંધ કરી આ પ્રોસિજર ઓનલાઈન કરાશે.આમ અરજદારના ડોક્યુમેન્ટનું વેરિફિકેશન કરતા ૩૫ દિવસ અને પાસપોર્ટ કચેરી પર પ્રિન્ટીંગ સહિતની અન્ય પ્રોસિજરમાં ૧૦ દિવસ સાથે પાસપોર્ટ મળતાં કુલ ૪૫ દિવસનો સમય લાગતો હતો . હવે ઓનલાઈન સિસ્ટમ થકી પોલીસ વેરીફીકેશન ૨૦ દિવસમાં પુર્ણ થશે અને પાસપોર્ટ કચેરીને પ્રિન્ટીંગ ૧૦,દિવસ એમ એકજ મહિનામાં પાસપોર્ટ મળી જશે.

## હીટ એન્ડ રનના કેસનો આરોપી વિસ્મય શાહના કેસના ફરિયાદીઓ અદાલત સમક્ષ ફરી રહ્યા છે

વસ્ત્રાપુર જજીસ બંગલા પાસે હિટ એન્ડ રન કેસ સર્જીને બે જણાના મૃત્યુ નિપજાવનાર અને બહુ ચર્ચીત બનેલા આ કેસના આરોપી વિસ્મય શાહને બચાવવા માટે એડી ચોટીનું જોર લગાવવા છતાં લાંબો સમય જેલવાસ ભોગવનાર સામે ફરિયાદીઓ બનેલાઓએ અદાલતમાં પીછેહઠ કરી છે. અને ફરી ગયા છે.સુનાવણી દરમિયાન ફરિયાદી લલિત ગુપ્તાને સરકાર પક્ષે હોસ્ટાઈલ(ફરી ગયેલાો) જાહેર કર્યો છે.જો કે મોતને ભેટનારના પિતાએ જણાવ્યા મુજબ આ કેસમાં કોઈ મોટી રમત ચાલી રહી છે.આ આખો મામલો રફેદફે કરવા માટે શરુઆતથી વિસ્મયના પિતા કામે લાગી ગયા હતા. પરંતુ તેમની કારી ફાવી નહોતી અને તેમના પુત્રને લાંબો સમય સુધી જેલવાસ ભોગવવો પડ્યો છે.આ કેસમાં વસ્ત્રાપુર પોલીસે ૧૦૮ પાનાની ચાર્જશીટ રજુ કરી છે.

સીઆરપીસીની કલમ ૧૯૫ સાથે ૩૪૦ વાંચતા કોર્ટને ન્યાયિક કાર્યવાહી દરમિયાના સાક્ષી ખોટો પુરાવો કે જુબાની આપી રહ્યો છે તેવું જણાય તો કોર્ટ પોતે ૧૯૩ મુજબ ચાર્જ કરી શકે છે.તેમાં સાત વર્ષની સજાની જોગવાઈ છે.બેસ્ટ બેકરી કેસમાં ઝાહીરા શેખને ફરી જવા બદલ એક વર્ષની સજા કરવામાં આવી હતી અને જેને સુપ્રીમ કોર્ટે માન્ય રાખી હતી.કેટલાક જાણીતા કાયદા નિષ્ણાંતોએ પોતાના મંતવ્યો આ બાબતે રજુ કર્યા હતા.જેમાં પણ એવોજ નિર્કષ નિકળતો હતો કે ફરી જનારાઓને કોર્ટ સજા કરી શકે છે.પરંતુ આ કેસમાં ફરિયાદી ફરી જાય તે માટે તેને મોટી રકમની લાલચ આપવામાં આવી હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

આ કેસના મૃતકોના વાલી વારસો આ કેસમાં છેક સુધી લડી લેવાના મુડમાં છે.તેઓ ન્યાય માટે છેક સુધી લડી લેશે તેમ જણાવ્યું હતું.

## ગુજરાત ક્રાઇમ રેટમાં ૨૮માં ક્રમે : ગૃહ રાજ્યમંત્રીશ્રીનો દાવો

સમગ્ર દેશમાં ક્રાઈમ રેટમાં ગુજરાત રાજ્ય ૨૮માં ક્રમે છે અર્થાત અન્ય ૨૭ રાજ્યોમાં ગુજરાત કરતાં વધુ ગુના નોધાય છે એવો દાવો ગુજરાતની વિધાનસભામાં ગૃહરાજ્યમંત્રીશ્રી રજનીકાંત પટેલે કર્યો હતો.વિરોધ પક્ષ કોગ્રેસે રાજ્યમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળી હોવાની દલીલો કરી હતી. તેના જવાબમાં ગૃહરાજ્ય મંત્રીએ જવાબ આપતા આ બાબત જણાવી હતી.તેમણે કહ્યું હતું કે  રાજ્યના વિકાસના પાયામાં શાંતિ અહેસાસ મહત્વનો છે. રથયાત્રા,ગણેશોત્સવ,મહોરમ જેવા તહેવારોમાં અગાઉના વર્ષોમાં ભયનો માહોલ સર્જાતો હતો પરંતુ હવે તે ભુતકાળ બની ગયો છે.એક દાયકામાં ક્યાંય હુલ્લડ કે આંદોલનો થયા નથી.

તેમણે કહ્યું હતું કે રાજ્ય પોલીસદળમાં ૩૩ ટકા મહિલાઓની અનામત રાખવાનો નિર્ણય કર્યો છે.પાંચ વર્ષમાં પોલીસ સબ ઈન્સ્પેકટરથી માંડીને કોન્સ્ટેબલોની ૨૫,૧૯૨ નિમણુંકો કરવામાં આવી છે.

## શસ્ત્ર પરવાનાનું ઓનલાઇન રજીસ્ટ્રેશન ફરજીયાત બનાવાયું

માત્ર ગુજરાતમાં જ નહી પરંતુ સમગ્ર દેશમાં સત્તાવાર રીતે હથિયારો માટે લાઈસન્સની ઓનલાઈન રજીસ્ટ્રેશન પ્રક્રિયા ફરજીયાત બનાવવામાં આવી છે.ગેરકાયદેસર હથિયારો સામે વ્યાપક ઝુંબેશ અગાઉ નેશનલ ડેટા બેઝ ઓન આર્મ્સ લાઈસન્સમાં હથિયારો,ની નોધણી વખતે  કેટલીક ગંભીર વિગતો બહાર આવી છે. અમદાવાદમાં નોધાયેલ ૫૬૩૦ લાયસંસ ધારકોમાથી ૩૮૦ ધારકોનો પત્તો મળતો નથી.પોલીસે તેમને શોધવા માટે કવાયત હાથ ધરી છે.

અમદાવાદ પોલીસ કમિશ્નર કચેરીમાં નોધાયેલ હથિયાર પરવાનાની લાઈસંસ બ્રાંચ દ્વારા ઓનલાઈન એન્ટ્રી કરવાની કાર્યવાહી ચાલી રહી છે.ઓનલાઈન નોંધણીમાં દરેક હથિયાર પરવાના માટે  યુનીક આઈડી નંબર જનરેટ થાય છે તે લાઈસંસ પર લગાવવાનો હોય છે.શહેરમાં ૫૬૩૦ હથિયાર પરવાનામાંથી ૫૨૩૦ પરવાનાની નોધણી થઈ ગઈ છે.ના નોધણી માટે દરેક લાયસંસ તા. ૩૧.૧.૨૦૧૫ની પરિસ્થિતિએ રિન્યુ થયેલ હોવુ જરુરી છે.૫૬૩૦માંથી હજુ સુધી ૩૮૦ પરવાનેદારોએ તેમના લાયસંસ રીન્યુ કરાવ્યા નથી.

લાયસંસ બ્રાંચના એડી.કમિશ્નર ઓફ પોલીસે કહ્યું હતું કે ૩૧ ઓગષ્ટ,સુધીમા ગુજરાતના તમામ હથિયાર લાઈસંસ ઓનલાઈન રજીસ્ટ્રેશન પ્રક્રિયા પુર્ણ કરવાનો ટાર્ગેટ રખાયો છે.જાન્યુઆરી ૨૦૧૫ સુધીમાં જે હથિયાર અને લાઈસંસ એનડીએએલમાં રજીસ્ટ્રેશન થયું નહી હોય તે તમામ પરવાના આપમેળે રદ ગણાશે અને તે પછી આ હથિયારનો કબજો ગેરકાનુની ગણાશે.અન્ય રાજ્યોમાંથી હથિયાર પરવાના મેળવી અને હથિયાર સાથે ગુજરાતમાં રહેતા કે સ્થાયી થયેલા તમામ પરવોદારોએ તેમના રહેઠાણની જગ્યા પર ક્ષેત્રાધિકાર ધરાવતા કલેકટર કે પોલીસ કમિશ્નર કચેરીની લાઈસંસ બ્રાંચમાં હથિયારની વિગતો નોધાવવી પણ ફરજીયાત છે.

## ગુજરાતના સિંહોની સુરક્ષા માટે કેન્દ્ર યોજના બનાવશે

ગુજરાતમા ગીરના સિંહોની સુરક્ષાની જાળવણીના મુદ્દે પુછાયેલ એક પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે જણાવ્યું હતું કે એશિયાટીક સિંહોની સુરક્ષા અને જાળવણીના મુદ્દે કેન્દ્ર સહયોક કરી શકે તે માટે યોજના બનાવવામાં આવશે. જો કે છેલ્લા એક વર્ષમાં અમરેલી,ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં કુલ ૬૬ સિંહોના મોત થયા છે. જેમાં ૨૧ નર સિંહ હતા.એપ્રીલ -૧૪ સુધીમાં મૃત્યુ પામેલા ૬૬ સિંહોમાં ૨૯ બાળસિંહ અને ૧૬ સિંહણનો સમાવેશ થાય છે.૧૫ ટ્રેન નીચે કપાઈને મૃત્યુ પામ્યા છે.અપમૃત્યુ રોકવા રેલ્વે ટ્રેકની આજુબાજુ ફેન્સીંગ કરાશે.તે માટે લોકોનો સહકાર લેવાઈ રહ્યો છે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

દેશની બહુમતીએ ચુંટાયેલ ભારતીય જનતા પાર્ટીની સરકારે રજુ કરેલ પ્રથમ બજેટ પહેલાં, તેમજ ચુટણીઓ દરમિયાન પ્રજાને જાહેરમાં આપેલ વચનોની ભરમાળ બાદ,બજેટમાં એવી કોઇ પણ બાબત દેખાઇ નહી કે જેનાથી અકલ્પનીય બહુમતી આપનાર મતદારોને ખુશ કરી શકાય તેવું કોઇપણ કારણ દેખાયું નહિ.મતદારો એવી અપેક્ષા રાખી રહ્યા હતા કે દેશના ગરીબ અને મધ્યમવર્ગી લોકોની આંતરડી ઠારે તેવી કોઇક બાબતોને લઇને તેમને મોંઘવારીના ચક્કરમાંથી બહાર કાઢી શકાય તેવી યોજનાઓ બજેટમાં દેખાશે.પરંતુ તે માત્ર સ્વપ્ન જેવું જ રહ્યું. હા, મુડીપતિઓને ફાયદા થાય તેવી બાબતો દેખાઇ છે.મધ્યમવર્ગની આવક પર થોડો ઘણો વેરો ઓછો કરવાનો આછકડો પ્રયાસ કર્યો છે.નાણામંત્રી જેટલી પાંચ લાખની મર્યાદામાં આવકવેરામાં આવરી લેવાય કે તે સુધી છુટછાટ શક્ય બને તેવી વિચારધારામાં માનતા હતા તે પણ ભુલાઇ ગઇ.થોડુક બટકું નાખવું પડે તેમ સામાન્ય લોકોને રીઝવવા માટે આવક મર્યાદાના સ્લેબમાં થોડો ફેરફાર કર્યો છે. બજેટનું જે ઉમળકાભેર શેરબજાર સ્વાગત કરે તેવું બન્યું નહી,અને બજારનો આંક નીચે ઉતર્યો.સારા બજેટની અસરો શેરબજાર ઉપર તુરતજ વર્તાઇ આવે છે. પરંતુ તેવી કોઇ અસરો દેખાઇ નહી.હા, થોડા ઘણા લોકો જેઓ સરકાર તરફી વલણ ધરાવે છે તેઓએ બજેટને સારુ કહેવડાવવાનો પ્રયત્ન કર્યો છે.

**કેન્દ્ર સરકાર તરફથી રજુ થયેલ સામાન્ય બજેટમાં કશું અસામાન્ય દેખાયું નહી.બજેટમાં ન તો ખુશ થવા જેવું કે ન તો અફસોસ કરવા જેવું છે**

## મંતવ્ય

બાબા રામદેવના સહયોગી અને ભાજપના સમર્થક મનાતા એવા એક પત્રકાર વેદ પ્રતાપ વૈદિકે,અમેરિકાએ જેને આતંકવાદી જાહેર કરીને તે માથા પર લાખો ડોલરનું ઇનામ જાહેર કરેલ છે તેની મુલાકાત કરી.૨૬-૧૧ના હુમલામાં માસ્ટર માઇન્ડ ગણાતા હાફિઝ સઇદની સાથેની મુલાકાતે દેશભરમાં હોબાળો મચાવ્યો છે.આ ઉપરાંત વેદ પ્રતાપ વૈદિકે પાકિસ્તાન ન્યુઝ ચેનલ ડોન ન્યુઝને આપેલ મુલાકાતમાં કાશ્મીરની આઝાદીની તરફદારી કરી.વધુમાં તેમણે ઉમેર્યુ કે પાકિસ્તાન જો સંમત થાય તો કાશમીરની આઝાદીમાં કોઇ ખરાબી નથી.વિગેરે વિગેરે તેમણે કહ્યુ.સંસદમાં વિદેશમંત્રી વિગેરે આ બાબતે સરકારનો મત પણ રજુ કર્યો.આરએસએસ તરફથી વૈદ પ્રતાપનો બચાવ કરવામાં આવ્યો.

સવાલ એ નથી કે વૈદ પ્રતાપ વૈદિકે જે કર્યુ તે ખોટુ હતું કે ખરુ હતું.પરંતુ જ્યારે સરકારે ચુંટણી વખતે જે ચાલ ચાલી હતી તે પ્રમાણે કલમ ૩૭૦મી કલમ રદ કરવાની મોટે મોટેથી ગર્જના કરી હતી.સંસદમાં આવી કોઇ દરખાસ્ત નથી એવું પણ સરકાર કબુલી ચુકી છે.પરંતુ ખરેખર સરકાર લોકોને અંધારામાં રાખીને કંઇક એવું કરવા માટેનો પ્લાન ઘડી ચુકી છે.જેનું મહોરુ આ વૈદ પ્રતાપ છે.સરકાર એવું શું કરવા માગે છે.કે જેથી તેના ઇરાદાઓ શકના ઘેરામાં આવી જાય. માત્ર ને માત્ર શિવસેનાએ આ બાબતે પોતાનો સાચો વિરોધ પ્રદર્શિત કર્યો છે. કોંગ્રેસ પાસે તો કોઇ બાબતે વિરોધ કરવો એટલો જ વિકલ્પ બાકી રહ્યો છે બાકી તેમની પાસે હાલમાં કોઇ કામગીરી રહી નથી.

મહેશ એચ.મકવાણા


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


# પહેલી વાર સૌથી યુવાન ભાજપના પ્રમુખ તરીકે ગુજરાતના અમિત શાહ નિમાયા

ભાજપના પ્રમુખ રાજનાથસિંહ કેબીનેટમાં ગૃહમંત્રી તરીકેનો હોદ્દો સંભાળ્યા બાદ પક્ષ પ્રમુખ તરીકે રાજીનામું આપ્યુ હતું. તેમના સ્થાને ૫૦ વર્ષીય ગુજરાતના અમીત શાહ સૌથી યુવાન પ્રમુખ બન્યા છે.રાજનાથસિંહે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે લોકસભામાં ખાસ કરીને ઉત્તર પ્રદેશમાં ભાજપન મળેલા પ્રચંડ વિજયનો યશ અમિત શાહને ફાળે જાય છે.

માત્ર એકજ વર્ષના સમયગાળામાં ગુજરાત ભાજપના આ મજબુત નેતા રાષ્ટ્રીય સ્તર પર છવાઇ ગયા અને ભાજપના સર્વેસર્વા બની ગયા.

કારકીર્દીની શરુઆતના વર્ષો સંઘ સાથે જોડાયેલા રહેલા શાહની સંગઠનાત્મક શક્તિ અને ચુંટણી દરમિયાન તેમની સંચાલન શક્તિ બાબતે ભાજપના નેતાઓ એકસુરમાં તેમની પ્રશંસા કરી હતી.અજાણ્યા એવા ઉત્તર પ્રદેશમાં જઇને જ્યાં ભાજપ સંગઠન સાવ નબળું હતું અને નેતાઓ એકબીજાને પછાડવામાં વ્યસ્ત હતા ત્યાં જઇને ટુંકાગાળામાં તેમણે સંગઠનાત્મક શક્તિનો પરિચય આપીને તમામ નેતાઓને સાથે લીધા અને લોકસભાની ચુંટણીમાં ભાજપને ૮૦ માંથી ૭૧ બેઠકો અપાવી હતી.

ઉત્તર પ્રદેશ,બિહાર અને ગુજરાતની બેઠકોને ગણતરીમાં લેતાં ભાજપને મળેલી ૫૦ ટકા જેટલી બેઠકો પર શાહનું યોગદાન રહ્યું છે. તેમ કહી શકાય

# ડુંગળી-બટાકા આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ લવાશે

રાજયમાં કાળાબજારીયાઓ એ કળા કરવાની શરુ કરી,લોકોને ત્રાહી પોકારે તેવું આયોજન કર્યુ.પરિણામે ડુંગળીના ભાવો બેફામ વધ્યા.રાજય સરકારને ભાવ વધારા સામે ઉપાય તરીકે ડુંગળી અને બટાકાને આવશ્યક ચીજ વસ્તુ ધારા હેઠળ સમાવી લેવાનો નિર્ણય કર્યો છે. જેના કારણે રાજય સરકાર ડુંગળી અને બટાકાના સંગ્રહકર્તા વેપારીઓ પાસેથી તેના ઉઘડતા સ્ટોક અને બંધ જ થ્થાની વિગત તપાસી સકશે.ડુંગળી બટાકાની કુલ સ્ટોક મર્યાદા ૧૦૦ટની રહેશે.તેથી વેપારીઓ વધુ સંગ્રહ કરી શકશે નહી.આ વર્ષે ચોમાસાની સીઝન છતાં દેશ અને રાજયમાં ખેચાયેલા વરસાદના સંજોગોના કારણે ડુંગળી અને બટાકાના ભાવમાં થતો વધારો રોકવા સંગ્રહાખોરો સામે કડક પગલાં લેવાનું રાજય સરકારે નક્કી કર્યું છે.ખેચાયેલા વરસાદને કારણે આ કોમોડીટીમાં ભાવ વધારો ન થાય અને તેની નફાખોરી અટકાવી શકાય માટે સરકારે સ્ટોક મર્યાદા દાખલ કરી છે.આવશ્યક ચીજવસ્તુ ધારા-૧૯૫૫ હેઠળ આને આવરી લેવાયું છે.

# પાણીતાણામાં માંસાહાર બંધ કરાવવા સામે મુસ્લીમ સમાજની ચીમકી

પાલીતાણાં જૈનતીર્થ હોવાને કારણે તેને સંપુર્ણ જીવહિંસા મુક્ત કરાવવા માટે જૈનાચાર્યોએ આદરેલા ઉપવાસ આંદોલનને સમાપ્ત કરવા માટે સરકાર તરફથી આ બાબતે ખાત્રી અપાઇ હતી.પરંતુ સ્થાનિક મુસ્લીમ સમુદાયે મોટી સંખ્યામાં એકત્રીતથઇને રમજાન માંસમાં માંસાહાર બંધ નહી કરાવવા માટેની માંગણી કરતું આવેદનપત્ર કલેકટર અને પાલીકા ચીફ ઓફીસરને આપ્યું હતું.

આવેદનપત્રમાં ચીમકી અપાઇ હતી કે જો અમારી વાતને લક્ષમાં લેવામાં નહી આવે તો ગાંધી ચીંધ્યામાર્ગે આંદોલન કરાશે અને નાછુટકે સામુહિક હિજરત કરાશે. માત્ર જૈન મહારાજશ્રીઓના દબાણથી પોલીસ અને પાલિકાની આક્રમક કામગીરીથી મુસ્લીમોની લાગણ દુભાઇ રહી છે. તળેટીથી ખાટકીવાડ ૪ કી.મી. દુર છે. શહેર અને આસપાસના વિસ્તારોમાં વસતા મુસ્લીમોની સંખ્યા ૧૫ થી ૨૦ હજાર જેટલી છે.અમારા ખોરાક સામે આક્રમક બનીને અમારી હેરાનગતિ કરાય છે.ગુજરાત રાજયમાં પણ પોલીસે ઠેર ઠેર માંસાહારીઓના ખોરાક સામે આક્રમક બનીને હેરાનગતિ કરવાની નિતી અખત્યાર કરી છે. દેશના કોઇપણ નાગરિકના ખાવા પીવાના હક્કો છીનવી લેવા એ યોગ્ય નથી.


**જાહેર ખબર તથા લવાજમના એજન્ટ**

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઇટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઇશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઇ એ. પટેલ,
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨


# ઇરાકમાંથી અત્યારસુધીમાં ૨૫૦૦ ભારતીયો સ્વદેશ પાછા ફર્યા

ઇરાકમાં ચાલી રહેલ આંતરિક યુધ્ધમાં સપડાયેલ લોકોમાં ભારતીય નાગરિકો પણ પાછા ફરવા આતુર હતા. જે પૈકી ૪૬ જેટલી નર્સોની હાલત યુધ્ધના કારણે ગંભીર હતી,પરંતુ તેઓ હેમખે પરત સ્વદેશ પાછા ફર્યા હતા.તાજેતરમાં ઇરાકમાંથી ૨૦૦ ભારતીયો પરત આવ્યા હતા.આમ અત્યાર સુધીમાં સ્વદેશ પાછા ફરનારા ભારતીયોની સંખ્યા ૨૫૦૦ જેટલી થવા પામી હતી.ઇરાકી શહેર નજફથી વિમાન માર્ગે તાજેતરમાં સ્વદેશ પરત ફરેલા ભારતીયોને લવાયા હતા તેવું વિદેશ મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું.

હજુ પણ ઇરાકમાં ઘણા ભારતીય નાગરિકો કામ કરી રહ્યા છે જે પૈકીના કેટલાક લોકોને પાછા ફરવાની ઇચ્છા નથી.જ્યારે કેટલાક લોકો એવી પરિસ્થિતિમાં ત્યાં છે જેઓ ત્યાંથી સલામત રીતે બહાર આવી શકે તેમ નથી તેમને ગંભીર યુધ્ધની પરિસ્થિતિમાંથી બહાર કાઢવા મુશ્કેલ છે.તેમ છતાં પ્રયત્ન ચાલી રહ્યા છે કે તેઓને સ્વદેશ પાછા લાવી શકાય


**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

*યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ*

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

# ગુજરાત સરકારે યોજેલ વાઇબ્રન્ટ ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટના છ હજારથી વધુ પ્રોજેક્ટનો કોઇ પત્તો નથી

૨૦૧૩માં ગુજરાત સરકારે યોજનેલ વાઇબ્રન્ટ ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટમાં ૧૭ હજાર જેટલા એમઓયુ કર્યા હતા. જે પૈકી ૧૪૯૧ પ્રોજેક્ટ રદ થયા હતા. અને ૬૦૫૨ પ્રોજેક્ટન પત્તો મળતો નહી હોવાની માહિતી વિધાનસભા દ્વારા બહાર આવી હતી.ભાજપ સરકાર એકતરફ સમિટના કારણે ગુજરાત ઔદ્યોગિક પ્રગતિમાં મોખરે હોવાનું ચિત્ર ઉપસાવે છે.તેનાથી વિરોધી વાસ્તવિકતા ખુદ સરકારે આપેલા આંકડા થકી બહાર આવવા પામી છે.

વિધાનસભામાં કોંગ્રેસના દંડક બલવંતસિંહે પુછેલા સવાલના લેખિત જવાબમાં ઉદ્યોગ વિભાગ દ્વારા જણાવાયું હતુ કે કુલ ૧૭,૧૭૯ ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્સન મંજુર કરવામાં આવ્યા હતા. જેમાં રુ.૨૪ લાખ કરોડનું રોકાણ થવાનું હતું.૧૪૯૧ એટલે કે કુલ પ્રોજેક્ટના ૮.૪૨ ટકા પ્રોજેક્ટ ડ્રોપ થયા છે.જેના કારણે રાજ્ય સરકારની લાખોની રોજગારીના આંકડા પણ ખોટા પડ્યા છે.વિભાગે જણાવ્યું હતું કે અત્યાર સુધીમા ૧૦૧૭૬ એકમો ઉત્પાદનમાં અથવા તો અમલીકરણના તબક્કામાં છે.બાકીના ૬૦૫૨ પ્રોજેક્ટની છેલ્લી સ્થિતિ જાહેર કરવામાં આવી નથી.તેનો સીધી મતલબ એ થાય છ કે વાઇબ્રન્ટ ૨૦૧૩ દરમિયાન ૭૫૪૩ પ્રોજેક્ટ પડતા મુકાયા છે.સમિટ ૨૦૧૩ દરમિયાન જે એમઓયું થવાના હતા, તેમાંથી ૧૨,૮૮૬ લઘુ અને મધ્યમ ઊદ્યોગને લગતા હતા. એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગમાં ૧૧૩૨,ઓઇલ એન્ડ ગેસ સેક્ટરમાં ૧૪૪, પીસીપીઆઇઆર અને જીઆઇડીસીના ૧૪૦,પાવર સેક્ટરના ૧૫૩ અને શહેરી વિકાસને લગતા ૮૭૩ અને ટુરીઝમને લગતા ૮૭૩ પ્રોજેક્ટના એમઓયુ થયા છે.હવે છ હજાર જેટલા પ્રોજેક્ટનું શું થયુ તેની સ્પષ્ટતા નથી અને ખુદ સરકારે ૧૪૯૧ જેટલા પ્રોજેક્ટ ડ્રોપ થવાનું કબુલ્યુ છે. આમ સરકારી આંકડાઓ જ બતાવે છે કે મોટે મોટથી બતાવવામાં આવેલ બાબતોમાં ખરેખર ખોટી જાહેરાતો સરકારે કરી હતી.

# રેલ્વેમાં કોચ અને સીટની પસંદગી શક્ય બનશે

રેલ્વેમાં મુસાફરી કરનારા લોકો માટે આઇઆરસીટીસીની સાઇટ પરથી હવે ટિકીટ મેળવવાનો અનુભવ વધુ સારી રીતે મળી શકશે.આ સાઇટ પરથી અગાઇ કરતાં વધુ ઝડપે ટીકીટ મળી શકશે. આ ઉપરાંત ઓનલાઇન રીઝર્વેશન કરાવતી વખતે કોચ અને સીટ નંબર પસંદ કરવાનો વિકલ્પ પણ મળશે.આઇઆરસીટીસીના સુત્રોએ જણાવ્યુ હતું કે આ સુવિધા ક્યારથી મળી શકશે તે બાબતે હજુ અમો ચોક્કસ નથી. પરંતુ સંભાવના એવી છે કે આ વર્ષે ૧૫ ઓગષ્ટથી આ વિકલ્પ શરુ થઇ શકે.

રેલ્વે મંત્રી સદાનંદ ગૌડાએ પોતાના બજેટ ભાષણમા કહ્યું હતું કે ૨૦૧૪-૧૫માં ઓનલાઇન ટીકીટીંગ સુવિધાઓ વિસ્તૃત કરવામાં આવશે. લોકો, ટ્રેન,કોચ અને સીટ ઓનલાઇન બુક કરી શકશે. રેલ્વે આગામી દિવસોમાં અનરિઝર્વ્ડ અને પ્લેટફોર્મ ટીકીટોનું વેચાણ ઓનલાઇન શરુ કરવાની યોજના બનાવી રહી છે.

આઇઆરસીટીસીના ટીકીટીંગ પ્લેટફોર્મને અપગ્રેડ કર્યા પછી આ સેવાઓ પર કામ શરુ થશે.આ સાઇટ પરથી પ્રતિ મિનિટે અગાઉ ૨૦૦૦ ટીકીટોના મુકાબલે ૭૨૦૦ ટિકીટો કપાવવાનું શરુ થઇ ચુક્યું છે.આ ઉપરાંત આઇઆરસીટીસીની સાઇટ પર એકસાથે એક લાખ ૨૦ હજાર યુઝર્સ લોગ ઇન કરી શકે છે.હવે રેલ્વેનો ઇરાદો પોતાા ઓનલાઇન ટીકીટીંગ પ્લેટફોર્મને એ સ્તરે લઇજવાનો છે જેનાથી લોકો કોચ અને સીટની પસંદગી કરવાનો વિકલ્પ મેળવી શકે.વૃધ્ધો અને મહિલાઓને આના કારણે લાભ મળી શકશે.


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# જમ્મુ- કાશ્મીરને સ્પર્શતી બંધારણની કલમ ૩૭૦ નાબુદ કરવાની કોઇ દરખાસ્ત નથી, સરકારની સ્પષ્ટતા

કલમ ૩૭૦ નાબુદ કરવાની બાબતે લોકસભામાં સરકારે માહીતી આપી હતી કે આ કલમને રદ કરવાની સરકારની કોઇ દરખાસ્ત નથી.

તુલમુલ કોંગ્રેસના સભ્ય સૌગતા રાયના એક લેખિત પ્રશ્નના જવાબદમાં રાજ્યકક્ષાના મંત્રી કિરણ રિજ્જુએ આ જવાબ આપ્યો હતો.રાયે આર્ટિકલ ૩૭૦ને રદ કરવાની સરકારની કોઇ દરખાસ્ત છે કે કેમ તેવો સવાલ કર્યો હતો.એનડીએની સરકાર સત્તા પર આવી ત્યારે રાજ્યકક્ષાના મંત્રી જીતેન્દ્ર સિંહે આ બાબતે કહ્યુ હતું કે સરકાર આર્ટિકલ ૩૭૦ની લાયકાત અને ગેરલાયકાતો બાબતે ચર્ચા કરશે.તેની સાથે તે જમ્મુ-કાશ્મીરના સમાજના દરેક વર્ગનો સંપર્ક કરીને નહી મનાવેલાને મનાવવા પ્રયત્ન કરશે.ચુંટણી પહેલા બંધારણના આર્ટિકલ ૩૭૦ને દુર કરવાની જાહેરાતો અને પ્રચાર આ સરકારે કર્યો હતો.પરંતુ હવે આ મામલે તેમણે ફેરવી તોળ્યું છે.જો કે ઊધમપુરથી ચુંટાયેલ સિંહે જણાવ્યું હતું કે ભાજપ આ મામલે અત્યંત વ્યાવસાયિક રીતે કામ કરી રહ્યો છે.કાશ્મીર ખીણમાં મુલાકાતો યોજી રહ્યો છે અને તેમાંથી અનેકને મનાવવા સફળ રહ્યા છે તેઓ દાવો કર્યો હતો.

ભુતકાળમાં પણ જ્યારે એનડીએની સરકાર રચાઇ હતી ત્યારે પણ આ મુદ્દે તેઓએ લોકોને સ્પષ્ટ વચન આપ્યુ હતું કે તેઓ કલમ ૩૭૦ને રદ કરશે.પરંતુ તે વખતે તેઓની સંસદમાં બહુમતી નહોતી, પરંતુ આ વખતે તેઓની સંપુર્ણ બહુમતી છે.તેથી તેઓ આ બાબતે ભવિષ્યમાં પણ વિચારતો કરશે,કારણકે આ હિદુત્વની સાથે જોડાયેલ મુદ્દો છે.


## લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬


# અસંતોષનો અંત નથી,સંતોષ જ પરમ સુખ છે

સંતોષી નર સદા સુખી હોય છે.માણસની ઇચ્છાઓને અનેક પાંખ હોય છે. એને ધરપત રહેતી નથી.સામેના પાસે આટલુ બધું છે તો મારી પાસે કેમ નહીં ?એ એનો મુળભુત પ્રશ્ન હોય છે. તેથી એમ કહેવાય છે કે અજ્ઞાનતા કે અસમજ અસંતોષ પેદા કરે છે.જેનામાં સમજ છે, એ તો માને છે કે કીડીને કણ અને હાથીને મણ.વેદવ્યાસે મહાભારતમાં કહ્યુ છે કે 'અજ્ઞાની અસંતોષી હોય છે. જ્ઞાનવાનોને સંતોષ પ્રાપ્ત થાય છે.અસંતોષનો અંત નથી,સંતોષ જ પરમ સુખ છે, આ સુખને કોણ માણી શકે?જેનામાં સમજ છે, એ એને પામી શકે છે. અસંતોષી હંમેશાં દુઃખી હોય છે'પતંજલિએ યોગસુત્રમાં કહ્યુ છે કે ' સંતોષથી સર્વોત્તમ સુખ પ્રાપ્ત થાય છે. 'સંતોષી માણસ કોઇ પણ પરિસ્થિતિમાં વિચલિત થતો નથી.મહોપનિષદમાં કહ્યુ છે 'જો અપ્રાપ્ત વસ્તુની ચિંતા કરતા નથી અને જે પ્રાપ્ત થયુ છે તેના માટે સમાન રહે છે, જેણે સુખ કે દુઃખ જોયું નથી એ જ સંતોષી કહેવાય છે. જે સુખમાં છકી ના જાય અને દુઃખમાં ભાંગી ન પડે એ જ સંતોષનો ગુણ છે.' મહાભારતના શાંતિ પર્વમાં તો કહ્યુ છે 'માણસના મનમાં સંતોષ હોવો તે સ્વર્ગ પ્રાપ્તિથી પણ વધારે છે. સંતોષ જ સૌથી મોટુ સુખ છે.સંતોષ જો મનમાં ઠીકઠાક સ્થપાઇ જાય તો એનાથી વિશેષ આ સંસારમાં કંઇ જ નથી. સંતોષ જ સુખ લાવે છે.માણસને અતૃપ્તિ બેચેન બનાવે છે.તૃપ્તિ જ સ્વસ્થ રાખે છે, આનંદ આપે છે. 'ભાગવતમાં ક્હ્યુ છે સંતોષી મનવાળા માટે સદાય બધી જ દીશાઓ સુખમય છે. જેવી રીતે પગરખાં પહેરવાથી કાંકરા અને કાંટાથી દુઃખ થતું નથી,એનાથી બચી જવાય છે. સંતોષ જ આપણા માટે સુખની ચાવી છે.ગુહસ્થીઓએ પણ ધર્મ,અર્થ એ કામ માટે વધારે કષ્ટ ઉઠાવવુ જોઇએ નહીં.જેવો દેશ, જેવો સમય અને જેવુ ભાગ્ય - જે મળી જાય એનાથી સંતોષ માણવો જોઇએ.

સંતોષ એટલે તૃપ્તિ, સમાધાન,સુખ (૨)હોય તેટલાથી રાજી રહેવું તે એવા અર્થ થાય છે.ગૌત્તમ બુધ્ધે કહ્યુ છે 'સંતોષ સૌથી મોટું સુખ છે. અને અસંતોષ સૌથી મોટું દુઃખ છે. તેથી સુખ ઇચ્છનારે હંમેશાં સંતોષી રહેવુ જોઇએ. 'પણ કેટલાંક લોકોને કોઇ પણ બાબતે સંતોષ હોતો નથી. અઢળક ધન મેળવવા છતાં તે અસંતુષ્ટ અને સદાય નિર્ધન છે. ધન ન હોવા છતાં જે સંતોષી છે તે સદાય ધનવાન છે.ધ્યાનરુપી અમૃતના પ્રવાહમાં ડુબેલા ચિત્તવાળાઓને આ પ્રકારનો સંતોષ થઇ જાય છે.એવા લોકોને મોક્ષની પણ ઇચ્છા નથી.જેને કોઇ અપેક્ષા નથી આમ તો એવુંજ કહેવાય છે કે દુઃખોના મુળમાં અપેક્ષાઓ રહેલી છે.

ભાગ્યમાં હોય એનાથી વધારે મળતું નથી.કારણકે બધુંજ ભાગ્યને આધીન છે.તેથી સદાય સંતોષ રાખવો જોઇએ.માણસે શાંતિ જોઇતી હોય તો સંતોષ રાખવો જોઇએ.જેને સંતોષ છે એના માટે આ આખુ જગત એની સંપત્તિ છે.એવા આત્મસંતોષી લોકોને ધન્યવાદ છે કે જેના હાથ જ પવિત્ર પાત્ર છે. જે માણસ જેમાં સંતોષ માને, એજ એના માટે અગત્યનુ હોય છે. પણ માણસની એષણાઓનો પાર નથી. એને ધરપત હોતી નથી.આપણે શું જોઇએ. બે ટાઇમ ખાવાનુ અને માથું ઢાંકવા છાપરુ,એના માટે કેટલા ધમપછાડા કરવા પડે છે ?જેને સંતોષ નથી એ કાયમ માટે દુઃખી રહે છે. જેની તૃષ્ણા મોટી હોય છે એ જ ગરીબ છે.મનનો સંતોષ હોય પછી કોણ ગરીબ અને કોણ ધનવાન.મનનો સંતોષ જ સર્વશ્રેષ્ઠ છે.

માણસની નબળાઇ એટલી છે કે એને કંઇ મળે તો વધારે મેળવવાનો લોભ જાગે છે. માણસના મનનુ એવું છે કે તેનો ઘડો ભરાતો જ નથી. રોજ રોજ ઘડાનુ કદ વધવા માંડે છે.આ દુનિયામાં દાન જેવી બીજી કોઇ ઉત્તમ ક્રિયા નથી.લોભના જેવો બીજો કોઇ શત્રુ નથી.સારા સ્વભાવ જેવુ કોઇ આભુષણ નથી.અને સંતોષ જેવુ બીજુ કોઇ ધન નથી.સંતોષ એ સુખની નિશાની છે. ઇચ્છા આકાશ જેટલી અનંત છે.ઇચ્છાઓનો ક્યારેય અંત નથી.પરિણામે ઇચ્છાઓનુ આકાશ વિસ્તરતુ જ રહે છે. એના કારણે માણસ પાસે જે હોય છે તેને પણ તે સુખથી ભોગવી શકતો નથી.એ તો જે કાંઇ મેળવ્યુ છે તેનો ચોકી પહેરો કરે છે.અને બીજુ મેળવવા મથામણ કરે છે.એનો અસંતોષ જ એને ખતમ કરી નાં ખે છે.એનો સંતોષ એ જ શ્રેષ્ઠ સુખ છે એ ભોગવી શકતો નથી

ડૉ કિશોરસિંહ સોલંકી (સૌ.સંદેશ)


## AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

# બજેટમાં કરવામાં આવેલ જોગવાઇઓ પર બારીક નજર

દેશમાં જેની આતુરતાપુર્વક રાહ જોવામાં આવતી હતી તે મોદી સરકારનું પ્રથમ બજેટ સંસદમાં રજુ કરવામાં આવ્યું.બજેટમાં એવું ખાસ નથી કે જેને આપણે માસ્ટરપીસ કહી શકીએ, તો તેને સાવ ફિક્કું પણ ન કહી શકાય.ઔદ્યોગિક વિકાસ,રોજગારી સર્જન અને મુડીરોકાણના માહોલને સુધારવાની સાથે મોંઘવારીથી પીડાતી જનતાને યથાશક્તિ રાહત આપવાની કોશીશ કરી છે.મધ્યમવર્ગને ઈન્કમટેક્ષમા મામુલી રાહત આપી છે.જીવનજરુરીયાતની કેટલીક ચીજવસ્તુઓ પર વેરા ઘટાડાયા છે.તમાકુ અને તમાકુની બનાવટો મોધી કરી છે.પરંતુ બજેટની કેટલીક બાબતોમાં કરવામાં આવેલ જોગવાઈઓમાં ફાળવાયેલ નાણાં તે માટે પુરતાં નથી.બજેટની કેટલીક યોજનાઓ એવું લાગે છે કે મજાક કરાઈ હોઈ તેવું લાગે છે.

૧.અમદાવાદ અને લખનૌમાં મેટ્રો પ્રોજેક્ટ માટે ૧૦૦ કરોડ રુપીયાની ફાળવણી કરવામાં આવી છે.એટલે કે બે શહેરોને ૫૦-૫૦ કરોડ રુપીયા ફળવાશે.વાસ્તવિકતા એ છે કે દિલ્હીમાં મેટ્રો ટ્રેન નંખાઈ ત્યારે તેનો સરેરાશ ખર્ચ જ દર કીલોમીટરે ૨૦૪ કરોડ રુપીયાનો આવ્યો હતો.

૨.મહિલાઓની સુરક્ષા મામલે બહુ ગાજવીજ કરનાર ભાજપની મોદી સરકારે મહિલા સલામતી માટે રચાયેલા નિર્ભય ફંડમાં માત્ર દોઢસો કરોડ ફાળવ્યા છે.ગયા વર્ષે નિર્ભય ફંડ માટે બજેટમાં ૧૦૦૦કરોડ ફાળવાયા હતા.

૩.નેશનલ રુરલ ડ્રિન્કિંગ વોટર(ગામડામાં પીવાના પાણી) માટે મોદી સરકારે ૩૬૦૦ કરોડ રુપીયાની ફાળવણી કરી છે.ગયા વર્ષે ભુતપુર્વ નાણામંત્રી શ્રી ચિંદમ્બરે આ યોજના માટે ૯૮૫૦ કરોડ રુપીયાની ફાળવણી કરી હતી.ગામડાની બાકીની યોજનાઓમાં મોદી સરકારે સીધો ૬૩ ટકાનો કાપ મુક્યો છે.

૪. મોદી સરકારે ભણેલાને ય ઉઠા ભણાવી જાય તેવી ફાળવણી કરી છે. પાંચ આઈઆઈએમ અને પાંચ આઈ આઈટી માટે ૫૦૦ કરોડ ફાળવ્યા છે.મતલબ એ થયો કે આ દરેક પ્રતિષ્ઠિત સંસ્થા માટે ૫૦ કરોડ રુપીયાની ફાળવણી કરાઈ છે.આટલા નાણાંમાં સંસ્થા માટે જમીન પણ ખરીદી ન શકાય.

૫.આઈઆઈટી, આઈઆઈએમ જેમ જ ૪ નવી એઈમ્સ સ્થાપવાનું મોદી સરકારે બજેટમાં વચન આપ્યું છે.અને તેના માટે ૫૦૦ કરોડ રુપીયાની ફાળવણી કરી છે.મતલબ એ થયો કે દરેક ઓલ ઈન્ડીયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડીકલ સાયંસિસ મટે ૧૨૫ કરોડ રુપીયા. આટલા રુપીયામાં ઈન્સ્ટિટ્યુટ માટે જમીન પણ ન મળી શકે.

૬.સ્માર્ટ મોદીનું સ્માર્ટ બજેટ ૧૦૦ સ્માર્ટ સીટી માટે ૭૦૦૦ કરોડ ફાળવાયા છે.મતલબ કે દરેક સ્માર્ટ સીટી માટે ૭૦ કરોડ રુપીયા.૭૦ કરોડ રુપીયામાં તો એક ફલાયઓવર પણ બાંધી ન શકાય.

૭. સિંચાઈ માટે ૧૦૦૦ કરોડના બજેટમાં ફાળવણી કરાઈ છે.માત્ર ગુજરાતની જ વાત કરીએ તો તેની સિંચાઈ માટેની ફાળવણી ૧૩૦૦૦ કરોડ રુપીયા જેટલી છે.

૮.નરેન્દ્ર મોદી અને અરુણ જેટલીની ડિમાન્ડ હતી કે ડિફેન્સમાં ૧૦૦ ટકા એફડીઆઈની છુટ આપવામાં આવે અને આવકવેરાની મુક્તિમર્યાદા પાંચ લાખ કરાય. નાણામંત્રી તરીકે બજેટ રજુ કરતાં તેમણે પોતાની જ માંગણીમાં ૫૦ ટકા કાપ લાવી દીધો. ડિફેન્સમાં ૪૯ ટકા એફડીઆઈનો પ્રસ્તાવ મુકશે. આવકવેરાની મુક્તિ મર્યાદા ૨.૫ લાખ સુધી જ કરી શક્યા.

૯.નરેન્દ્ર મોદી અને અરુણ જેટલી બંન્ને કાશ્મીરી પંડિતો પ્રત્યે ખાસ્સી સહાનુભુતિ વ્યક્ત કરતા રહ્યા છે.જેટલીના બજેટમાં કાશ્મીરી પંડિતોના પુનઃવસન માટે ૫૦૦ કરોડની ફાળવણી કરાઈ છે. શ્રી મનમોહનસિંહે ૨૦૦૮માં કાશ્મીરી પંડિતો માટે ૧૬૦૦ કરોડની ફાળવણી કરી હતી..કાશ્મીરી પંડિતોના પુનઃવસન માટે ખરેખર જરુર છે વીસ હજાર કરોડની,ત્યાં ૫૦૦ કરોડની ફાળવણીથી ક્યું પુનઃવસન થવાનુ છે.

૧૦.બજેટ પેશ કરતી વખતે અરુણ જેટલીએ ચાલુ વર્ષે રાકોષિય ખાદ્ય જીડીપીના ૪.૧ રહેશે એમ કહ્યું હતુ.યુપીએ સરકારના ઈન્ટરીમ બજેટમાં પણ આ જ ફીગર અપાયો હતો.પરંતુ બજેટની રજુઆત પછીની ચર્ચા દરમિયાન રાજકોષિય ખાદ્યનો અંદાજ જીડીપીના ૪.૫ હોવાનું જણાવ્યું હતું.તેમના આ બે ભિન્ન આંકડાથી માર્કેટમાં ઉથલ પાથલ સર્જાઈ હતી.જોકે બોન્ડ માર્કટેના ખેલાડીઓનું કહેવું છે કે ૪.૫ ટકાનો આંક નાણા પ્રધાન ભુલથી બોલી ગયા હોવા જોઈએ ! નજીકના ભવિષ્યમાં આ બજાર ઘટવાના સંકેત મળે છે.જાણકારોનુ કહેવુ છે કે આ બજેટ બહેતરીન નથી.

પર્સનલ ઈન્કમ પર લાગતા ટેક્સની મુક્તિ મર્યાદા બે લાખની વધારીને અઢી લાખ કરવામાં આવી છે તેવીજ રીતે સિનિયર સીટીઝન માટે આ મર્યાદા ૨.૫ લાખથી વધારીને ત્રણ લાખ કરવામાં આવી છે.

હોમલોનના વ્યાજ પર રાહત વધી છે.ઈન્કમટેક્ષની કલમ ૨૪ પ્રમાણે અત્યારસુધી લોકોને હોમલોનના વ્યાજ પર દોઢ લાખ સુધી મુક્તિ મર્યાદા આપવામાં આવી હતી.આ વર્ષથી તેમાં વધારો કરીને મર્યાદા ૨ લાખની કરવામાં આવી છે. ( સૌ. સંદેશ.)

# ગરીબ મધ્યમવર્ગને પાંચ વર્ષમાં ૨૨ લાખ મકાનો અપાશે

ગરીબો,ઓછી આવક ધરાવતા અને મધ્યમવર્ગના લોકોને પાંચ વર્ષમાં ૨૨ લાખ મકાનો આપવાની જાહેરાત સાથે નીતિન પટેલે કહ્યું હતું કે શહેરી વિસ્તારમાં ૭.૫૦ લાખ ઝુપડાવાસીઓને ૩૬ ચો.મી.ના મકાનો બનાવી આપવામાં આવશે.જેમાં કોમ્પ્યુટરાઈઝડ ડ્રોથી આવાસો ફળવાશે.આ માટે રાજીવ આવાસ યોજના હેઠળ વિવિધ શહેરો માટે રુ.૩૩૬ કરોડના ૧૦ પ્રોજેકટ મંજુર કરાયા છે.આર.એચ.વાય, એ.એચ.પી યોજના હેઠળ પણ પ્રોજેક્ટ માટે ૪૯૯ કરોડ મંજુર કરાયા છે.એફોર્ડેબલ હાઉસીંગ એન્ડ પાર્ટનરશીપ યોજના માટે ૩૫૦૦૦ આવાસો માટે ૨૦૪ કરોડ ફાળવાયા છે.મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ લાભાર્થી કુટુંબને ૨૫ ચો.મી. કારપેટવાળું પાકુ મકાન મફત અપાશે.રુ.૧ લાખથી ઓછી આવક ધરાવતા લોકોને આ મકાન રુ. ૩ લાખમાં અપાશે અને તેમાં રાજ્ય સરકાર ૧.૫ લાખની સહાય આપશે .ઉપરાંત ૧ થી ૨.૫ લાખની વાર્ષિક આવક ધરાવતાં લાભાર્થીઓને રુ.૭.૫૦ લાખથી ૧૧ લાખની કિમતમાં મકાન ઉપલબ્ધ કરાવાશે. જેમાં સરકાર રુ. ૧ લાખની સહાય કરશે

# શિક્ષકો-વિદ્યાસહાયકોની બદલીના નિયમોમાં ફેરફાર

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો અને વિદ્યાસહાયકની બદલીના નિયમોમાં ફેરફાર કરાયા છે.જેમાં નવી જોગવાઈ મુજબ અરસ પરસ બદલીની માંગણી કરનારા શિક્ષકોની અરજીની તારીખે પાંચ વર્ષની સેવા બાકી હોવી જોઈએ.આ રીતે બદલી થયા પછી શિક્ષક પાંચ વર્ષ સુધી સ્વેચ્છિક નિવૃત્તિની માંગણી કરશે નહીં.તેની લેખિત બાંયેધરી અરજી કરતી વખતે આપવાની રહેશે.અરસ પરસ બદલીની માંગણી કરનારા બંને શિક્ષકોની માંગણી તેમના વતનના તાલુકા જિલ્લામાં જવાની હોવી જોઈએ અને મહિલા શિક્ષિકા માટે તેના સાસરી કે પીયરના જિલ્લા-તાલુકાની માંગણી હોવી જોઈએ.અરસ પરસ બદલી માંગતા શિક્ષકો બંને એક જ વિભાગના હોવા જોઈએ.જુદા જુદા વિભાગના શિક્ષકોની અરસ પરસ બદલી થઈ શકશે નહી.

# બજેટમાં હોમલોનના કરમુક્ત વ્યાજ પર ટેક્સનું ભારણ વધ્યું,જ્યારે સરકારે ઘટ્યુ હોવાનો દાવો કર્યો હતો

તાજેતરમાં કેન્દ્ર સરકારના નાણાં મંત્રી અરુણ જેટલીએ રજુ કરેલા બજેટમાં હોમલોનના કરમુક્ત વ્યાજની મર્યાદા રુ.૧.૫૦ લાખથી વધારીને રુ.૨ લાખ કરવાની ધોષણા કરીનો ઘર ખરીદવા ઈચ્છતા મધ્યમવર્ગના લોકોને લાભ આપ્યો હોવાની છાપ ઉભી કરી હતી.પરંતુ વાસ્તવિકતા એવી છે કે ભુતપુર્વ નાણાંમંત્રી પી.ચિદામ્બરંમે હોમલોન પર કરમુક્ત વ્યાજ માટે લાદેલા નિયમો નાણાંમંત્રી જેટલીએ ઉપાડી લીધા છે.પરંતુ સામી બાજુ અગાઉ કરમુક્ત વ્યાજની લિમિટ જે ૨.૫૦ લાખ હતી તેને ઘટાડીને રુ.૨.લાખ કરી દીધી છે.

હોમલોન પરના વ્યાજમાં કરમુક્તિની મર્યાદા રુ.૨.૫૦લાખથી ઘટાડી રુ.૨ લાખ કરતાં ગયા વર્ષે ૨૫ લાખ સુધીની હોમલોન લેનારા અને ૫ લાખથી ૧૦ લાખ કે પછી ૧૦ લાખ કરતાં વધુ આવક ધરાવતા કરદાતાઓન રુ.૧૦,૩૦૦ ટેક્સ વધુ જમા કરાવવાનો રહેશે. જ્યારે ૧૦ લાખ કરતાં વધુ આવક ધરાવતા કરદાતાઓને રુ.૧૫,૪૫૦ ટેક્સ વધુ જમા કરાવવો પડશ.ઉપરછલ્લી રીતે દેખાડાતો ફાયદો, ફાયદો નથી પરંતુ વધુ ટેકસ ભરવાની યોજના છે.

સી.એ. કરીમના મતે વર્ષ ૧૩-૧૪માં હોમલોન લેનારા ગ્રાહકોને આ સુધારાને કારણે નુકશાન જશે.અત્યાર સુધી ઈન્કમટેક્ષ એક્ટ૧૯૬૧ની કલમ ૮૦ઈઈ હેઠળ કરદાતા રુ. ૫૦ લાખ સુધીના વ્યાજ પર ટેક્સ બચાવી શકતો હતો. આ સુધારાને કારણે કરદાતાઓ પર ટેક્સનુ ભારણ ૧૦ થી ૧૫ હજાર જેટલું વધશે.નાણાંમંત્રીએ હોમલોનનું વ્યાજ ટેક્સમાં બાદ મેળવવાની અન્ય શરતો નાબુદ કરીને કલમ ૮૦ઈઈ હેઠળ મળતા લાભ પાછા ખેચી લીધા છે.

આમ સરકારે ગરીબો અને મધ્યમવર્ગને લાભ આપનારુ બજેટ કહીને કોથળામાં પાંચ શેરી મુકીને મારી છે.


## વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯ ૯૮૨૪૩૬૨૪૬૨

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.